**મહે. એડીશનલ પ્રિન્સિપાલ જજ તથા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટમાં,**
**સિટી સેશન્સ કોર્ટ નં.૦૨, મુ. અમદાવાદ**

**સેશન્સ કેસ નંબર–૫૩/૨૦૨૩**

**<u>આંક–૧૬ લગત હુકમઃ–</u>**

૧. સદર સેશન્સ કેસ નંબર–૫૩/૨૦૨૩ ના કામે આરોપી ભરતભાઈ મગાજી ઠાકોર તથા આરોપી જગદીશ માનસિંગભાઈ ઠાકોર , આરોપી ગૌતમ ચમનજી ઠાકોર(એરપોર્ટ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર –૪૪/૨૦૧૮ ના ચાર્જશીટમાં આરોપી નંબર–૦૫, ૨૪ તથા ૨૫ તરીકે દર્શાવેલ છે) ના મરણ અંગેનો પોલીસ તપાસ અધિકારીનો ખરાઈ રીપોર્ટ આંક–૧૬ થી રજૂ કરેલ છે. તે મુજબ આરોપી નં.૦૫ ભરતભાઈ મગાજી ઠાકોર તારીખ ૦૭/૧૦/૨૦૧૯ ના રોજ મરણ ગયેલ છે. આરોપી નં.૨૪ જગદીશ માનસિંગભાઈ ઠાકોર તારીખ ૨૯/૦૨/૨૦૨૦ ના રોજ મરણ ગયેલ છે તેમજ આરોપી નંબર.૨૫ ગૌતમ ચમનજી ઠાકોર તારીખ ૨૯/૦૨/૨૦૨૦ ના રોજ મરણ ગયેલ હોય તે બાબતે તેમના સંબંધીઓએ મરણ પ્રમાણપત્રની નકલ આપેલ છે. આથી આ કામે આરોપી નંબર.૦૫ ભરતભાઈ મગાજી ઠાકોર તથા આરોપી નંબર.૨૪ જગદીશ માનસિંગભાઈ ઠાકોર, આરોપી નંબર.૨૫ ગૌતમ ચમનજી ઠાકોર નાઓ ચાલુ કેસ દરમ્યાન મરણ પામેલ હોય સદર ત્રણ આરોપીઓ સામેનો કેસ એબેટ કરી ફેસલ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૧૩મી માહે ફેબ્રુઆરી સને–૨૦૨૫ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૩/૦૨/૨૦૨૫.
સ્થળ – અમદાવાદ.

**(સંજયકુમાર લવજીભાઇ ઠકકર)**
અધિક મુખ્ય ન્યાયાધીશ, કોર્ટ નં.૦૨,
સિટી સેશન્સ કોર્ટ, અમદાવાદ.
Code No.GJ–00588

mkm